**તા. ૧૨/૬/૨૦૨૪ની સામાન્ય સભામાં ઠરાવ્યા અનુસાર સભાસદોને ટીફીન બોક્ષ (STEEL INSULATED CONTAINERS) + બોટલ (STEEL BOTTEL) સ્વરૂપે આપવાની થતી હોય સદર ભેટનું વિતરણ સોમવાર, તા.૦૮/૦૭/૨૦૨૪થી કરવામાં આવશે.જેમાં નીચે જણાવ્યા મુજબ મુદ્દાઓ ધ્યાને રાખવા વિનંતી છે.**

---

- તા. ૧/૪/૨૦૨૩ થી ૩૧/૩/૨૦૨૪ના દરમ્યાન જે સભાસદ કાર્યરત હશે અને સંપૂર્ણ શેર ધારક હશે તેને જ ભેટ મળવા પાત્ર રહેશે. (જે યાદી આ સાથે સામેલ છે. જેથી સભાસદ નંબર જોઈ લેવા વિનંતી છે.)
- ભેટની આઈટમનું વિતરણ **તા.૦૮/૭/૨૦૨૪ થી તા. ૧૬/૭/૨૦૨૪ સવારે ૧૦–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા** સુધી જ **કૃષિ ગ્રાહક ભંડાર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** ખાતેથી કરવામાં આવશે. (જાહેર રજા દરમ્યાન વિતરણ બંધ રહેશે.) **ત્યારબાદ ભેટની આઈટમ આપવામાં આવશે નહી જેની ગંભીરતાથી નોંધ લેવી.** જેથી સભાસદોને ખાસ વિનંતી કે સદર આઈટમ (ટીફીન બોક્ષ અને બોટલ) સાચવવામાં ઘણી તકલીફ ઉભી ન થાય અને સમયસર સભાસદોને ગિફટ મળે તે માટે ભેટની આઈટમ જાતે આવી યાદીમાં સહી કરી લઈ જવા વિનંતી છે. જાતે નહી આવનાર સભાસદે અન્ય વ્યકિતને આધાર પુરાવા સહિત **સંમતિ પત્ર** આપનાર સભાસદને જ ભેટ આપવામાં આવશે.
- ભેટની આઈટમ જાતે જ લેવાનો આગ્રહ રાખવો. અનિવાર્ય સંજોગોમાં જો ભેટ બીજા પાસે મંગાવવાની હોય તો સભાસદનો ઓળખ પુરવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ/યુનિવર્સિટી આઈ કાર્ડની ઝેરોક્ષ (નકલ પર સહી કરવાની રહેશે.) અને સંમતી પત્ર સામેલ રાખવો ફરજીયાત છે. (સંમતી પત્રનો નમુનો નીચે જણાવેલ છે.)
- સબ સેન્ટરના સભાસદોએ એક સાથે બધા સભાસદની ભેટ મંગાવવી હોય તો યાદી બનાવી દરેક સભાસદની સહી લઈ સંમતિ પત્ર – આધાર કાર્ડની /યુનિવર્સિટી આઈ કાર્ડની ઝેરોક્ષ સાથે આપવાનું રહેશે.
- **ભેટમાં મળેલ ટીફીન બોક્ષ અને બોટલ કોઈપણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહી. જેથી લઈ જતાં પહેલા જોઈ ચકાશી લેવા વિનંતી છે.**
- ભેટની વહેંચણી કરનાર વ્યકિત સાથે કોઈએ તકરાર કે અસભ્ય વર્તન કરવું નહી. કોઈ પણ ફરિયાદ હોયતો મંડળીના કારોબારી સભ્ય શ્રી સંજયભાઈ આર. રબારી, શ્રી કેયુરભાઈ એસ. પટેલ અને શ્રી એમ. કે. મલેકનો સંપર્ક કરવા વિનંતી છે.
- **નોંધ : ભેટની આઈટમ બીજા દ્રારા મંગાવવા માટે સંમતિપત્ર સભાસદોએ ભરવાનું રહેશે.**

---

## ::સંમતિ પત્ર::

**હું શ્રી/ડાં./શ્રીમતી ...................................... હોદ્દો..................................**

**સભાસદ નં. ....... કચેરી ....................................................આથી સંમતિ આપુ છુ કે મારી ભેટની આઈટમ શ્રી .............................................................. હોદ્દો...................................... કચેરી .................................................. ને આપશો તો મને મળ્યા બરોબર છે. આ સાથે મારા આધાર કાર્ડની/યુ. આઈ. કાર્ડની જેરોક્ષ નકલ સામેલ છે.**

**સ્થળ:**

**તા. / /૨૦૨૪**

**સભાસદની સહી ........................**

**મોબાઈલ નંબર: .........................**